# પ્રાંતિજ તાલુકા-શહેરમાં જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી



પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકાના ગામ્ય વિસ્તારોમાં કૃષ્ણ જન્મને લઈ કૃષ્ણ મંદિરો સહિત શેરીઓ ગલ્લીઓ અને મહેલ્લાઓમાં રાત્રીના ૧૨ના ટકોરે ઠેરઠેર મટકી ફોડ કાર્યક્રમો યોજાયા હતા.

પ્રાંતિજ સહિત તાલુકામાં કૃષ્ણ જન્મને લઈને સવારથી જ વિવિધ મંદિરોમાં તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી હતી. દિવસભર નંદ મહોત્સવ અલગ અલગ જગ્યાએ કાર્યક્રમો યોજાયા હતાં અને ગરબા, રાસ-ગરબા, ભજન સહિત રાત્રીના બારના ટકોરે મટકીફોડ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં કનૈયાની સેના દ્વારા જુદી જુદી જગ્યાએ મટકી ફોડવામાં આવી હતી. જેમાં લાલદરવાજા, રામજી મંદિર, રાવળવાસ, ઈન્દીરાનગર, શ્રી વેરાઇ માતાના મંદિર સહિત વિવિધ જગ્યાઓએ યુવક મંડળીઓ દ્વારા મટકીફોડ કાર્યક્રમો યોજાયા હતાં અને ૧૨ વાગ્યાના ટકોરે મંદિરની અંદર બનાવેલ કુટીરોમાં કૃષ્ણનો જન્મ પછી ધોડીયામાં ભગવાન કાનાને હિંચકે ઝુલાવવા માટે પણ ભકતોની પડાપડી જોવા મળી હતી અને જય કનૈયાલાલકીની ધુન સાથે આખુંય વાતાવરણ ભક્તિમય બની ગયુ હતું.

# સાબરકાંઠામાં સ્વાઈન ફલુનો આતંક : બેના મોત

## ચાલુ મહિનામાં જીલ્લામાં ૧૪ કેસ નોધાયા : પાંચ સારવાર હેઠળ

હિંમતનગર, તા.૧૬

ગુજરાતમાં સ્વાઈન ફ્લુ છેલ્લા કેટલાક સમયથી હાહાકાર મચાવ્યો છે ત્યારે તેમાં સાબરકાંઠા જીલ્લો પણ બાકાત નથી ત્યારે સ્વાઈન ફ્લુમાં સપડાયેલા એક મહિલા તથા એક પુરુષનું સારવાર દરમિયાન મોત થયું છે.જોકે જીલ્લામાં ચાલુ મહિનામાં સ્વાઈન ફ્લુના ૧૪ કેસ નોધાયા છે.જે પૈકી પાચ દર્દીઓ અત્યારે હિમતનગર અને અમદાવાદ સિવિલમાં સારવાર લઈ રહ્યા છે.

આ અંગે આધારભૂત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જીલ્લામાં વિવિધ તાલુકાઓમાં સ્વાઈન ફ્લુને કારણે કેટલાક લોકો આ બીમારીમાં સપડાઈ રહ્યા છે જેમણે સ્થાનિક કક્ષાએ સારવાર લેતા તેમની તબિયત સુધરી જવાથી તેઓ ભયમુક્ત બની હતા.

પરંતુ જીલ્લામાં સ્વાઈન ફ્લુ ના ૧૪ કેસો પોઝેટીવ નોધાયા હોવાને કારણે જીલ્લાના આરોગ્ય વિભ્ભાગ ધ્વારા અગમ ચેતીના પગલા રૂપે આવા વિસ્તારોમાં સર્વે સહીતની કામગીરી કરી દેવાઈ હતી.જેના કારણે સ્વાઈન ફ્લુ ના વધતા રોગ પર રોક લગાવવામાં અંશતઃ સફળતા મળી છે.

તેમ છતાં સ્વાઈન ફ્લુમાં સપડાયેલી ખેડબ્રહ્મા તાલુકાની એક મહિલાનું તથા તલોદ તાલુકાના પુરુષનું સારવાર દરમિયાન સોમવારે અને મંગળવારે અમદાવાદ સિવિલમાં મોત નીપજ્યું હતું.જોકે આ રોગમાં સપડાયેલા કેટલાક દર્દીઓને સમયસરની સારવાર મળી હોવાને કારણે તેઓ રોગમુક્ત બન્યા છે.તો બુધવારે જીલ્લાના પાચ દર્દીઓ હિમતનગર અને અમદાવાદ સિવિલમાં સારવાર લઈ રહ્યા છે.

# તલોદ કોલેજમાં સફાઈ અભિયાન કાર્યક્રમ યોજાયો

તલોદ, તા. ૧૬

શેઠ એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ તલોદના આચાર્ય ડૉ. જે.સી. પટેલના માર્ગદર્શન હેઠળ 'સ્વચ્છતા પખવાડિયા અભિયાન' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કેમ્પસમાં સફાઈ અભિયાન યોજવામાં આવેલ હતુ. કોલેજનો તમામ પરિવાર સફાઈમાં જોડાયો હતો. પ્રાંગણ, પટાંગણ, કેમ્પસ, કલાસરૂમો, બાથરૂમ, શૌચાલયો, સભાખંડમાં સફાઈ કરી હતી. એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફીસર પ્રો. દિલીપકુમાર ચાવડા, ડૉ. જ્યોતિકાબહેન પટેલ, પ્રો. ચંદ્રિકાબેન વાઘેલા, પ્રો. એમ.બી. પટેલ, પ્રો. પ્રિયંકાબેન ખરાડી જોડાયા હતા.





૧૫મી ઓગષ્ટના રોજ ધનસુરા તાલુકા પંચાયતમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો.

# હિંમતનગરની કચ્છી સોસાયટીમાં ત્રણ મકાનોમાં ૧.૯૨ લાખની ચોરી

હિંમતનગર, તા.૧૬

હિંમતનગરના છાપરિયા ચાર રસ્તા પાસે આવેલ કચ્છી સોસાયટીના ત્રણ મકાનોમાંથી સોમવારે રાત્રે અજાણ્યા શખ્સો સોના ચાંદીના દાગીના અને રોકડ મળી અંદાજે રૂ.૧.૯૨ લાખની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા જે અંગેની ફરિયાદ મંગળવારે હિમતનગર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોધાવાઈ હતી.

આ અંગે કચ્છી સોસાયટીમાં રહેતા વિનોદભાઈ પ્રભાભાઈ પટેલના જણાવ્યા મુજબ સોમવારે રાત્રે અજાણ્યા શખ્સોએ તેમના તથા સુરેશભાઈ અને અતુલભાઈના મકાનમાં પ્રવેશ કરી ૧૨ તોલા સોનાના દાગીના,૫૦૦ ગ્રામ ચાંદીના દાગીના અને રૂ.૬૭ હજાર રોકડ સહીત રૂ.૧.૯૨ લાખની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા.જે અંગે મંગળવારે ખબર પડતા તરત જ વિનોદભાઈએ હિમતનગર એ ડીવીઝનમાં જાણ કરતા પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે હિંમતનગર સહીત જીલ્લાના અન્ય સ્થળે અજાણ્યા શખ્સો ઘરફોડ,વાહન ચોરી કરીને પ્રજાની તથા પોલીસની નીંદ હરામ કરી રહ્યા હોવા છતાં પોલીસ તંત્ર આ અજાણ્યા શખ્સોનું પગેરું શોધી શકી નથી તે ચિંતા જનક છે.જેથી પ્રજાની માંગણી છે કે પોલીસે ગુપ્ત રાહે રાત્રી પેટ્રોલિંગ કરીને આવા શખ્સોને પકડી લેવા જોઈએ.

# સ્વાતંત્ર પર્વની ભવ્ય ઉજવણીમાં મોડાસા દેશભક્તિના રંગે રંગાયું



મોડાસા, તા. ૧૬

સ્વાતંત્ર પર્વની ઉજવણી સમગ્ર દેશમાં ધામધૂમ પૂર્વક અને રંગે-ચંગે ઉજવણી કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં સ્વાતંત્ર પર્વ નિમિત્તે સમગ્ર શહેર રોશનીથી જળહળી ઉઠ્યું હતું. શહેર રહેણાંક વિસ્તારો અને શૈક્ષણિક સંસ્થાઓ સતત દેશભક્તિના ગીતો ગુંજી ઉઠતા ૭૧માં સ્વાતંત્ર પર્વનો અલભ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો. શહેરમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ, રાજકીય પક્ષો દ્વારા ૭૧માં સ્વાતંત્ર પર્વની ઉજવણી કરી યાદગાર બનાવ્યો હતો.

મોડાસા શહેરની શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે મોડાસા કેળવણી મંડળ, મખદૂમ કેળવણી મંડળ, ઘી.મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, સરસ્વતી વિદ્યાલય, મદની હાઈસ્કૂલ, ઘી ઘાંચી હાઈસ્કૂલ, કરમિયા ગર્લ્સ હાઈસ્કૂલ, સરસ્વતી બાલ મંદિર મંડળ, સરકારી કચેરીઓ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ભારતીય જનતા પાર્ટી, મોડાસા શહેર કોંગ્રેસ સમિતિ, મોડાસા માર્કેટયાર્ડ, અર્ધ સરકારી કચેરીઓ દ્વારા ૭૧માં સ્વાતંત્ર દિન નિમિત્તે ધ્વજવંદન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશભક્તિ ભાવના ઉજાગર કરતા નાટકોનું આયોજન કરવામાં આવ્યું હતું. સી.જી. બુટાલા હાઈસ્કૂલ ખાતે બાળકો દ્વારા ૭૧માં સ્વાતંત્ર દિનની ગોઠવણી કરી ૭૧ માં અંકની પ્રતિકૃતિ આલેખન કરી હતી. ૬૨ વર્ષથી સતત શૈક્ષણિક સેવાઓમાં અગ્રેસર અને મધ્યમવર્ગીય અને ગરીબવર્ગના બાળકોમાં ઉચ્ચશિક્ષણ આપતી સરસ્વતી બાલ મંદિર મંડળની ડીપ શાખામાં પ્રમુખ નિલેશભાઈ જોશીની ઉપસ્થિતિમાં ૭૧માં સ્વાતંત્ર પર્વની ધામધૂમ પૂર્વક રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર શહેર જાણે દેશભક્તિના રંગે રંગાયું હોય તેમ ધંધા રોજગારના સ્થળે અને રહેણાંક વિસ્તારોમાં અને બાળકો હાથમાં ધ્વજ લઈ ફરતા નજરે ચડતા હતા અને મોડાસાના આસમાને કેસરી, સફેદ અને લીલા રંગના ગુબ્બારાથી ભારતીય રાષ્ટ્રધ્વજનો નજારો સર્જાયો હતો.

# તલોદ કોલેજ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ સંપન્ન : જાળવણી માટે સંકલ્પ

તલોદ, તા. ૧૬

શેઠ એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ તલોદમાં એચ.એસ.એસ. અને એન.સી.સી.ના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. વાઈસ પ્રિન્સિપાલ એમ.આર. પરીખ તથા કોલેજ પરિવારે મોટી સંખ્યામાં વૃક્ષારોપણ કરીને જાળવણી માટે સંકલ્પ લીધા હતા. આચાર્ય ડૉ. જે.સી. પટેલના માર્ગદર્શન હેઠળ પ્રો. દિલીપકુમાર ચાવડા, ડૉ. જ્યોતિકાબેન પટેલ, પ્રો. ચંદ્રિકાબેન વાઘેલા, પ્રા. એમ.બી. પટેલ, પ્રો. પ્રિયંકાબેન ખરાડી અને કાર્યક્રમ સફળ બનાવવા પ્રયત્નો કરેલ હતા.

# તલોદ કોલેજમાં આરોગ્ય જાળવણી અંગે પરિસંવાદ યોજાયો

તલોદ, તા. ૧૬

શેઠ એચ.પી. આટ્ર્સ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ તલોદમાં 'આરોગ્ય જાળવણી' અંગેનો પરિસંવાદ તલોદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના હેલ્થ ઓફિસર ડૉ. વિનોદભાઈ મુગડ, ગોવિંદભાઈ પંચાલ, દિપકકુમાર સુતરિયા હાજર રહીને આરોગ્ય જાળવણી વિષે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતીસભર માર્ગદર્શન આપેલ હતુ.

ઉપાચાર્ય ડૉ. એમ.આર. પરીખે સ્વાગત કરેલ હતુ. વિદ્યાર્થીઓએ પ્રશ્નોતરીમાં ભાગ લઈને કાર્યક્રમ જીવંત બનાવ્યો હતો. આચાર્ય ડૉ. જે.સી. પટેલના માર્ગદર્શનથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.



સાબરકાંઠા જીલ્લાના ઈડર ખાતે ૭૧ સ્વાતંત્ર પર્વે મંગળવારે સરપ્રતાપ હાઈસ્કુલના મેદાનમાં યોજાયેલ ધ્વજ વંદન બાદ જીલ્લા રેવન્યુ કર્મચારી મંડળ ધ્વારા મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાં રૂ.૩ લાખનો ચેક ગુજરાત રેવન્યુ કર્મચારી મંડળના પ્રમુખ દેવેશ પટેલના હસ્તે વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાને આપ્યો હતો.

# પ્રાંતિજમાં વિશ્વ હિન્દુ પરિષદ-પ્રખંડ દ્વારા જન્માષ્ટમીના દિવસે શોભાયાત્રા





પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જન્માષ્ટમીના દિવસે શ્રી કૃષ્ણ ભગવાનનાં જન્મોત્સવની ઉજવણી સાથે-સાથે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ચતૃર્થ જન્માષ્ટમી શોભાયાત્રા ભગવાન કૃષ્ણના પ્રતિમા સાથે ભવ્ય શોભાયાત્રા નિકળી હતી અને સાથે ત્રિરંગા યાત્રા પણ નિકળી હતી.

જન્માષ્ટમીના શુભ દિવસે ૧૯૬૪માં વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપના દિન નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પ્રાંતિજ પ્રખંડ દ્વારા ચતૃર્થ જન્માષ્ટમી ઉત્સવ વિશેષ મહત્વ હોવાથી જન્મોત્સવની ઉજવણી સાથે સાથે વિશ્વ હિન્દુ પરિષદ અને તાલુકા પંચાયત સદસ્ય પ્રદિપસિંહ ધમેન્દ્રસિંહ રાઠોડ મુખ્ય યજમાન દ્વારા પ્રાંતિજ પંખીઘર નાની ભાગોળ બજારચોક થઈ રાંદલ મહાકાલી માતાજીના મંદિર સુધી વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ પ્રાંતિજ પ્રખંડ દ્વારા ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી જયારે સાથે સાથે ત્રિરંગા રેલી પણ કાઢવામાં આવી હતી અને હજારોની સંખ્યામાં યુવાનો ત્રિરંગા સાથે શોભાયાત્રામાં જોડાયાં હતાં અને શોભાયાત્રાના રૂટ ઉપર ઠેરઠેર હિન્દુધર્મના ભાઈ-બહેનો દ્વારા શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ, મહંત ડૉ. ગૌરાંગશરણ, મહંત શાસ્ત્રી સ્વીમી પ્રાણજીવનદાસજી સહિત વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, જયંતિભાઈ પટેલ, ભાજપ શહેર પ્રમુખ તાલુકા પ્રમુખ સહિત ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. જયારે આ પ્રસંગે બજરંગ દળના કાર્યકરોને ત્રિશુલ દિક્ષા કાર્યક્રમ પણ યોજાયો હતો જેમાં કાર્યકરો ત્રિશુલ દિક્ષા ગ્રહન કરી હતી જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન નટુભાઈ બારોટ, મહેલુભાઈ પટેલ, અરવિંદભાઈ ખમાર, સુનીલભાઈ કડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.





મોડાસાના બામાણવાડ ગામે જન્માષ્ટમી ઉત્સવ પ્રણામી મિત્રમંડળ દ્વારા યોજવામાં અવ્યો. જેમાં ખૂબ મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો. નંદ ઘેર આનંદ ભયો જયકનૈયા લાલકી ના નારાથી ભગવાનશ્રી વાતાવરણ ધાર્મિકતાથી ભક્તોમાં ખૂબ આનંદ જોવા મળ્યો હતો. શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવણી માટે સાક્ષાત બાલકૃષ્ણ બનાવી અસુદેવ શ્રીકૃષ્ણને ટોપલામાં બેસાડી લઈ જતા તસ્વીરમાં દ્રષ્ટિગોચર થાય છે. પ્રનામી મિત્રમંડળ આયોજિત શ્રી તરતમ સાગરની ૧૮૭૫૮ ચોપાઈનું મુખપાઠ ગોટા પારાયણનું આયોજન કરવામાં આવ્યું. જેની પુર્ણાહુતી કરવામાં આવી. અંતે તમામ સુંદર સાથ માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી.

# ઊંઝાના શીહી ગામે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ

## મહોલ્લામાં પુરઝડપે બાઈક હંકારવા બાબતે ઠપકો આપતા અથડામણ

ઊંઝા, તા. ૧૬

ઊંઝા નજીકના શીહી ગામે જન્માષ્ટમીના દિવસે રાજપૂતના મહોલ્લામાં પુરઝડપે બાઈક હંકારવા બાબતે ઠપકો આપતા ઉશ્કેરાયેલા ઠાકોર જ્ઞાતિના કેટલાક શખ્સોએ એક સંપ થઈ રાજપૂત સમાજના વ્યક્તિઓ પર ઘાતક હથિયારો વડે હૂમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી સોનાના દોરાની લૂંટ ચલાવી નાસી છુટ્યા હોવાનો ચોંકાવનારો બનાવ બનતા આ વિસ્તારમાં ભારે તંગદિલી સર્જાઈ હતી.

વિગત એવી છે કે શીહી ગામના ઠાકોર જ્ઞાતિના બે શખ્સો બાઈક પર પુરઝડપે રાજપૂતના મહોલ્લામાંથી નીકળતા મહોલ્લામાં રહેતા ભાવેશસિંહ સીવાજી રાજપૂતે બાઈક ધીમે ચલાવો તેમ કહ્યું હતું. જેથી ઉશ્કેરાયેલ આ શખ્સો તેમના સાગરિતો સાથે એક સંપ થઈ લોખંડની પાઈપ, ધારીયુ, સાયકલની ચેઈન, કુહાડી જેવા ઘાતક હથિયારો સાથે ધસી આવ્યા હતા અને ભાવેશસિંહ અને તેમના સાહેદો પર તીક્ષ્ણ હથિયારો વડે હૂમલો કર્યો હતો. જેમાં ત્રણ થી ચાર વ્યક્તિઓને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. બાદ હૂમલાખોરો ભાવેશસિંહના ગળામાં પહેરેલ રૂપિયા ૩૦ હજારની કિંમતની મત્તાની એક તોલા વજનના સોનાના દોરાની લૂંટ ચલાવી નાસી ગયા હતા. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે નાસભાગ મચી ગઈ હતી અને ભારે તંગદિલીભરી સ્થિતિ સર્જાઈ હતી.

આ બનાવ અંગે ભાવેશસિંહ રાજપૂતની ફરિયાદના આધારે ઉનાવા પોલીસે ઠાકોર સચિનજી નટુજી, ઠાકોર મહેશજી હુજાજી, ઠાકોર અલ્પેશજી દિનેશજી, ઠાકોર નિલેષજી પોપટજી, ઠાકોર મહાદેવજી જોરાજી, ઠાકોર રણજીતજી પોપટજી, ઠાકોર વિનુજી ઉર્ફે બોડી મફાજી તથા ઠાકોર જ્ઞાતિના બીજા ચાર ઈસમો વિરૂદ્ધ ખૂનની કોશિશ, ધાડ, શારીરિક મહાવ્યથા અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## કાંકરેજના આકોલી ગામે ધામધૂમપૂર્વક જન્માષ્ટમીની ઉજવણી કરાઈ





પવિત્ર શ્રાવણ માસમાં શ્રીકૃષ્ણનો જન્મ દિવસ એટલે કે જન્માષ્ટમીની પણ ખુબ ભાવ અને શ્રદ્ધા સાથે ભક્તિપૂર્વક ઉજવણી આકોલી રાધા-કૃષ્ણ મંદિર ખાતે કરવામાં આવી હતી. જેમાં ગામની બહેન-દિકરીઓ દેશી ઢોલના તાલે ગરબે રમી જન્માષ્ટમીની અનોખી રીતે ઉજવણી કરી હતી. જ્યારે મંદિરમાં ભક્તો-ભાવિકો દ્વારા ભજન-ધૂન સાથે નંદ ઘેર આનંદ ભર્યો જય કનૈયા લાલકી હાથી ઘોડા પાલી જય બોલો હનુમાનકીના નાદ સાથે સમગ્ર મંદિર પરિષદ ગુંજી ઉઠ્યું હતું.